ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ગત વર્ષની સાપેક્ષમાં હજુ માત્ર ૨૦ ટકા વરસાદ

**ગત વર્ષે ઓગષ્ટના અંત સુધીમાં ૩૦ ઇંચ વરસાદ થયો હતો આ વર્ષે માત્ર ૬ ઇંચ વરસાદ થયો છે. ગત વર્ષે ઓગષ્ટ મહીનામાં જ ૧૬ ઇંચ વરસાદ થઇ ગયો હતો : અષાઢી અને શ્રાવણ કોરો હવે ભાદરવો ભરપુર વરસે તેવી આશ મંડરાઇ રહી છે**





ગાંધીનગર તા ૧

આ વર્ષે મેઘરાજા ગાંધીનગર પર હેત વરસાવાનુ વિસરી ગયા છે. શહેરમાં જિલ્લાનો અત્યાર સુધી માંડ સવા છ ઈંચ વરસાદ થયો છે. ગત વર્ષની સરખામણીએ માત્ર ૨૦ ટકા વરસાદ જ થયો છે. ગત વર્ષે ઓગષ્ટ મહીનામાં જ ૧૬ ઈંચ વરસાદ થયો હતો. જયારે ઓગષ્ટ અંત સુધીમાં ૩૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. અષાઢમાં પણ ગાજયા મેઘ વરસ્યા નહી અને શ્રાવણમાં પણ સરવરિયા વરસાવાનુ વિસરેલા મેઘરાજા ભાદરવામાં ભરપુર વરસશે તેવી આશ સાથે મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત નગરજનોની નઝર નભ તરફ મંડરાઈ છે.

ગાંધીનગરમાં હજુ વરસાદી ઋતુનો મંદ મિજાજ યથાવત છે. અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નહી અને શ્રાવણ પણ પુરો થવા આવ્યો આમછતા શ્રાવણના સરવરિયા પણ વરસતા જોવા મળતા નથી. સામાન્ય રીતે અષાઢ અને શ્રાવણમાં સિઝનનો મહત્તમ વરસાદ થાય છે. ગાંધીનગર જિલ્લામાં પણ સિઝનનો સરેરાશ ૮૫૦ મી મી વરસાદ નોંધાતો હોય છે. જયારે આ પૈકી મોટાભાગનો વરસાદ જુન, જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં જ વરસી જાય છે. આ વર્ષે વરસાદનો આંકડો જોતા જિલ્લો કોરોધાકોર હોવાનુ સ્પષ્ટ થાય છે. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો રોજબરોજ ચોમાસાની મોસમનો અહેસાસ કરાવે છે. અષાઢ મહીના દરમિયાન પણ રોજબરોજ કાળા ડીબાંગ વાદળોની સવારીથી નભ નિખરતુ જોવા મળતુ હતુ. પરંતુ વરસાદ હાથતાળી આપી વિદાય લેતા માટી ભીની કરીને અષાઢ

● અનુસંધાન પાન-૭ પર

# સતત ત્રીજે દિવસે જિલ્લામાં મેઘ-મહેર

**કલોલમાં ૪ કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ દિવસે નોંધાયો : ગાંધીનગર-માણસામાં હળવા વરસાદી ઝાપટાં દિવસ દરમ્યાન નોંધાયાં**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સતત ત્રીજે દિવસે પણ મેઘ મ્હેર ચાલુ રહેતા વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. કલોલ તાલુકામાં આજે બપોરના ૨ થી ૬ ના ૪ કલાકના ગાળામાં બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર, માણસામાં પણ હળવા વરસાદી ઝાપટા નોંધાયા છે. જિલ્લામાં થઈ રહેલી મેઘ મ્હેરથી ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કલોલ તાલુકામાં આજે થયેલા વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે. માણસા-ગાંધીનગરમાં પણ હળવા વરસાદી ઝાપટાને કારણે વાતાવરણમાં બદલાવ આવ્યો છે.

જિલ્લામાં મુરઝાતા પાકને જીવતદાન મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. હજુ પણ સારો વરસાદ થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૧૬૧ મી.મી., ગાંધીનગરમાં ૧૮૮ મી.મી., કલોલમાં ૨૯૦ મી.મી. અને માણસામાં ૩૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ ચોમાસાનો સરેરાશ વરસાદ ૨૩૯ મી.મી. નોંધાયો છે. ટકાવારીમાં જોઈએ તો આ સિઝનનો અત્યાર સુધીમાં ૩૧.૨૫ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં હજુ પણ વરસાદની ઘટ ૫૫ ટકાથી વધારે છે.

# ગ્રામ્ય વિસ્તારમાં ૪,૫૮,૫૭૪ લોકોના કોરોના માટે આજ સુધીમાં ટેસ્ટ કરાયા

**વેક્સિનેશન અભિયાનમાં ૧૮,૫૦૦ થી વધુ લોકોને આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧-૫-૨૦ થી ૩૧-૮-૨૧ ના સમયગાળા દરમ્યાન ૪,૫૮,૫૭૪ લોકોના કોરોના માટે ટેસ્ટ કરવામાં આવ્યા છે.

આ પૈકી ૧,૫૮,૭૫૯ લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ અને ૨,૯૯,૮૧૫ લોકોના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૬૬૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટી ગયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો છેલ્લા ૨૧ દિવસથી નોંધાયા નથી. જો કે ટેસ્ટીંગ કરવાની કામગીરી ચાલુ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જિલ્લામાં આજે પણ ૭૦૦ થી વધુ લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે નમૂના લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આર.ટી.પી.સી.આર. ટેસ્ટમાં ગાંધીનગરમાંથી ૨૧,૮૧૭ નમૂના, દહેગામમાંથી ૩૨,૬૨૯



નમૂના, માણસામાંથી ૩૩,૮૧૧ નમૂના અને કલોલમાંથી ૨૭,૧૦૯ નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે.

દરમ્યાન જિલ્લામાં આજે પણ કોરોના પ્રતિકાર માટેના વેક્સિનેશન અભિયાનમાં ૧૮,૫૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫,૨૬૦ અને ગાંધીનગર શહેરમાં ૩૩૧૯ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

આજે બુધવારના મમતા દિવસની ઉજવણીમાં બીજા ડોઝના વેક્સિનેશન અભિયાનને સારો પ્રતિસાદ મળતાં તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે ૨૪ હજારથી વધુ લોકોને અને આજે બુધવારે બીજા ડોઝમાં ૧૮ હજારથી વધુ લોકોને આવરી તંત્રએ અનોખી સિદ્ધિ મેળવી છે.

# શહેરમાં ડોર ટુ ડોર કલેક્શન કરતા ડ્રાયવર-હેલ્પરોની હડતાલથી કામગીરી ખોરવાઈ

**મનપા કલેક્શન માટે વધુ વાહનો ફાળવશે : એજન્સીઓ નિયત સમય કરતાં વધુ સમય માટેનો ઓવર ટાઈમ ચુકવશે : સૂત્રો**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં ડોર ટુ ડોર કેલકશનની કામગીરી કરતા ડ્રાયવરો અને હેલ્પરો આજે એકાએક હડતાલ પર ઉતરી ગયા હતા. આને કારણે આજે કચરાનું કલેક્શન ઘણું જ ઓછુ થવા પામ્યુ હતુ.

સેગ્રીગેશન કરેલો જ કચરો મેળવવાના તંત્રના નિર્ણય પછી લોકો સાથે થતા ઘર્ષણના બનાવો અને નિયત કરેલા કામના કલાકો કરતાં વધુ સમય કામ કરવુ પડતુ હોવાને મુદ્દે આજે આ કર્મયોગીઓ હડતાલ પર ગયા હતા.

મનપાના અધિકારીઓએ આ અંગે એજન્સીના સંચાલકો સાથે તાબડતોબ બેઠક યોજી હતી અને બપોરના સમયે વિવાદનો અંત આવ્યો હતો પરંતુ કચરાના કલેકશનની કામગીરી ખુબ જ ઓછી થઈ હતી. શહેરના કેટલાક વિસ્તારોમાંથી કચરો લઈ જવાયો હતો તો કેટલાક વિસ્તારોમાં ઓછી કામગીરી થઈ હતી. ગ્રામ્ય વિસ્તારમાં આ કામગીરી આજે થઈ શકી ન હતી.

મળતી વિગતો પ્રમાણે ઘર્ષણના બનાવોને ટાળવા તેમજ જરૂર પડયે મનપાના અધિકારીઓનું ધ્યાન દોરવા અને પોલીસ ફરિયાદ કરવા સુધીના પગલાંઓ લેવાની ખાત્રી મનપાએ આપી હોવાનું જાણવા મળેલ છે.

વધુ સમય જે જાય છે તે માટે એજન્સીઓ દ્વારા ઓવર ટાઈમ ચુકવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આ કામગીરી સંભાળતી એજન્સીઓએ મનપાની હદમાં થયેલા વધારાને કારણે વધુ ગાડીઓ આપવા જણાવ્યુ છે એટલુ જ નહિ એજન્સીએ તેમના માણસોની સંખ્યા વધારવાની ખાત્રી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં આજથી ધો. ૬ થી ૮ના વર્ગખંડોમાં શૈક્ષણિક કાર્ય આરંભાશે

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે કરેલા નિર્ણય મુજબ જિલ્લામાં આજે ધો. ૬ થી ૮ ના વર્ગોમાં શૈક્ષણિક કાર્ય આરંભાશે.

જિલ્લામાં ૬૧૫ થી વધુ સરકારી અને ખાનગી શાળામાં ધો. ૬ થી ૮ માં નોંધાયેલા ૬૦ હજારથી વધુ બાળકોનું શાળાકીય શિક્ષણ આજથી આરંભાઈ રહ્યુ હોવાથી બાળકો અને વાલીઓ આજે તે અંગેની તૈયારીમાં વ્યસ્ત જણાયા હતા.

૫૦ ટકા હાજરી સાથે આ શૈક્ષણિક કાર્ય આરંભાવાનું છે. સરકારે અગાઉ ૯ થી ૧૨ ના બાળકો માટે શૈક્ષણિક કાર્યનો આરંભ કર્યો હતો. હવે ધો. ૬ થી ૮ ના બાળકોના શૈક્ષણિક કાર્યનો આરંભ કરવામાં આવી રહ્યો છે.

શાળાના શિક્ષકોને વેક્સિનેશન લઈ લેવાની સૂચનાઓ સરકારે અગાઉ આપી હતી. જિલ્લામાં શાળા સંકુલોમાં વર્ગખંડો પણ આ શૈક્ષણિક કાર્ય માટે તૈયાર કરી દેવામાં આવ્યા છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે બાળકોને બેસાડવામાં આવશે.

**REQUIRED INTERNAL AUDITORS**

For Conducting Internal Audit of Gandhinagar Railway and Urban Development Corporation Limited (GARUD)

**Collect Tender Copy from below address by paying Rs. 200/- Tender Fees (Non Refundable).**

**Last Date to Collect Tender Copy 13.09.2021 (before 16.00 Hrs.)**

**Last Date to Submit 15.09.2021 (before 16.00 Hrs.)**

Address : GARUD, Office of the iNDEXTb Computer Centre, Block No. 15, 1st Floor, Udhyog Bhavan, Gandhinagar-382011.

**TV રીપેરીંગ**

ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬

# છેલ્લા એક સપ્તાહમાં ઈન્દ્રોડા પાર્કમાં ૨૫૫૧૦ મુલાકાતીઓએ એન્ટ્રી લીધી

**નાના મોટા સહીત વિદ્યાર્થીઓ અને વિકલાંગ વ્યકિતઓએ પણ ઇન્દ્રોડા પાર્કમાં નવ નિર્મિત ઓપન મોટમાં પ્રાણીઓને વિહરતા નિહાળવાનો લ્હાવો લીધો : આડા દિવસોમાં પણ પાર્કમાં મુલાકાતીઓની સંખ્યા વધી**

ગાંધીનગર તા ૧


ગાંધીનગરમાં હાલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર સ્થાન બન્યુ છે. પાર્કમાં ઓપન મોટનુ લોકાર્પણ કરાયા બાદ છેલ્લા એક સપ્તાહમાં ૨૫૫૧૦ મુલાકાતીઓએ પાર્કમાં એન્ટ્રી લીધી હતી. કોરોનાની બીજી ઘાતક લહેરના અંતે તહેવારોના દિવસોમાં ઈન્દ્રોડા પાર્ક નગરજનો તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓ માટે હોટ ફેવિરટ બન્યુ હતુ.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા દોઢ વર્ષથી જનજીવનમાં પણ સુનકાર પ્રર્વત્યો છે. કોરોનાની બીજી ઘાતક લહેરના અંતે હવે પરિસ્થિતિ કાબુમાં આવતા નાગરિકોએ હાંશકારો અનુભવ્યો છે. કાતિલ કોરોનાએ લાંબા સમયથી નગરજનોને ઘરમાં કેદ કરી રાખ્યા છે. અલબત્ત કોઈ તહેવાર કે લગ્ન પ્રસંગ સહીતની ઉજવણી પણ ફીક્કી પડી ગઈ છે. બહાર જવામાં પણ ભય અનુભવતા નગરજનો કોરોનાના કેસ ઘટતા હવે થોડી રાહત અનુભવી રહ્યા છે. એકબાજુ ત્રીજી લહેરનો ખતરો માથે મંડરાઈ રહ્યો છે. ત્યારે થોડી પણ બેદરકારી ભારે પડી શકે તેવી સ્થિતિ વચ્ચે નગરજનો ખુલ્લી હવામાં નિરાંત અનુભવવાનુ પસંદ કરી રહ્યા છે. જો કે હાલ જિલ્લામાં કોરોનાનુ સંક્રમણ કાબુમાં હોવાથી નગરના જનજીવનમાં પણ રોનક પ્રવર્તી છે. તહેવારોના દિવસોમાં પણ શહેરમાં અનોખો ધમધમાટ જોવા મળ્યો હતો. શહેરના શોપિંગ બજારમાં પણ રોનક જોવા મળી રહી છે. એકબાજુ વરસાદી મોસમ પણ ધીમે ધીમે નિખરી રહી છે. ત્યારે નગરજનો પણ હળવી ઠંડકમાં બહાર નિકળવાનુ પસંદ કરી રહ્યા છે. રક્ષાબંધનથી આઠમ સુધીના તહેવારોના દિવસોમાં શહેરનુ જનજીવન ધબકતુ જોવા મળ્યુ હતુ. શહેરના બાગ બગીચાઓ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## તહેવારોના દિવસોમાં ઈન્દ્રોડા પાર્કમાં ૭ લાખની ટીકીટનું વેચાણ

કોરોનાના સંક્રમણમાં પણ ઘટાડો થયો છે જેના લીધે જનજીવનમાં હાંશકારો પ્રવર્તયો છે. બીજીતરફ શહેરના જનજીવનમાં પણ રોનક જોવા મળી રહી છે. તહેવારના દિવસો દરમિયાન શહેરના જાણીતા સ્થળોએ સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી હતી. રક્ષાબંધનથી સતત સાતમ આઠમ સુધી નગરના ઉદ્યાનો તેમજ સેકટરોના બાગ બગીચાઓમાં સહેલાણીઓ ઉભરાતા જોવા મળ્યા હતા. શહેરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પણ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર પુરવાર થયુ હતુ. પ્રકૃતિ ઉદ્યાનમાં ઓપન મોટ શરૂ થયા બાદ મુલાકાતીઓમાં પાર્કનુ આકર્ષણ વધ્યુ છે. જેના લીધે રજાના દિવસોમાં નગર તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા પાર્કમાં વિશેષ જોવા મળી હતી. પાર્કમાં મોટા વ્યકિત માટે પ્રવેશ ફી પેટે રૂ ૩૦ વસુલવામાં આવે છે. જયારે બાળકો માટે રૂ ૧૫ ની ફી નિયત કરાઈ છે. છેલ્લા એક સપ્તાહમાં હજારો મુલાકાતીઓએ રૂ ૭ લાખની ટીકીટ ખરીદીને પાર્કની મુલાકાત લીધી હતી.



આકાશમાં વાદળોની અવરજવર ચાલુ છે. ક્યારેક કાળા ડિબાંગ વાદળો આકાશમાં ધસી આવે છે તો ક્યારેક તડકો નીકળે છે. આકાશમાં ઘેરાઈ રહેલા વાદળો સારા વરસાદની આશા બંધાવી રહ્યા છે. છૂટાછવાયા ઝાંપટા વાતાવરણને સુંદર બનાવી રહ્યા છે. ક્યારેક ધુમ્મસ જેવુ લાગે છે તો ક્યારેક ઝરમર વરસાદ મનને મોહી લે છે. શહેરમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. લીલાછમ વૃક્ષો આંખોને ટાઢક આપી રહ્યા છે. મોર અને અન્ય પશુ-પંખીઓ વરસાદી વાતાવરણનો આનંદ માણી રહ્યા છે. શહેરીજનો ધોધમાર વરસાદની અપેક્ષા રાખી આકાશ સામે વારંવાર મીટ માંડી લે છે.

# ગુજરાતમાં જીએસટી કલેક્શનમાં ૨૫ ટકાનો વધારો

**કોરોનાની બીજી લહેર શમ્યા બાદ વેગ પકડતું રાજ્યનું અર્થતંત્ર : અન્ય રાજ્યોમાં પણ જીએસટી કલેક્શનમાં સારો એવો વધારો**

ગાંધીનગર, તા. ૧

રાજ્યનુ અર્થતંત્ર ધીમે ધીમે પાટા પર આવી રહ્યુ છે. જીએસટી કલેક્શનના આંકડા અર્થતંત્રમાં આવેલી ગતિને દર્શાવી રહ્યા છે. ઓગષ્ટ મહિનામાં રાજયમાં જીએસટી કલેક્શનમાં ૨૫ ટકાનો વધારો થયો છે.

અચાનક આવી પડેલી કોરોનાની ઉપાધીએ રાજયના અર્થતંત્રને ડામાડોળ બનાવી દીધુ હતુ. લોકડાઉનના પરિણામે મોટાભાગના ઉદ્યોગ ધંધા અને નાના મોટા વ્યવસાયને ખાસ્સી અસર પહોંચી હતી. અનેક ઉદ્યોગ અને પેઢીઓ બંધ થઈ ગઈ હતી. કોરોનાની બીજી લહેર દરમ્યાન પણ ઉદ્યોગ ધંધાને ખાસ્સી અસર પડી હતી. હવે રાજ્યમાં કોરોનાની બીજી લહેર સાવ મંદ પડી ગઈ છે. કોરોનાનો કહેર ઓછો થતાં અર્થતંત્ર ફરી પાછુ બેઠુ થઈ રહ્યુ છે. આર્થિક પ્રવૃત્તિઓ વધી રહી છે. રાબેતા મુજબ આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થતાં અર્થતંત્રની ચમક વધી રહી છે. જીએસટી કલેક્શનના આંકડાઓ વધી રહ્યા છે.

રાજયમાં જીએસટી કલેક્શન ૨૫ ટકા વધ્યુ છે. ઓગષ્ટ ૨૦૨૦માં જીએસટી કલેક્શન ૬,૦૩૦ કરોડ હતુ જે ઓગષ્ટ ૨૦૨૧માં વધીને ૭,૫૫૬ કરોડ પર પહોંચ્યુ છે. જે ૨૫ ટકાનો ગ્રોથ દર્શાવે છે. ગુજરાતની જેમ જ દેશના અન્ય ભાગોમાં પણ આર્થિક પ્રવૃત્તિઓ વધી છે અને જીએસટી કલેક્શન પોઝીટીવ ગ્રોથ દર્શાવી રહ્યુ છે. મોટા રાજ્યોમાં ઉત્તરપ્રદેશમાં ૧૭ ટકા, રાજસ્થાનમાં ૧૮ ટકા, મધ્યપ્રદેશમાં ૧૦ ટકા, મહારાષ્ટ્રમાં ૩૧ ટકા અને તામિલનાડુમાં ૩૫ ટકાનો વધારો થયો છે. માત્ર દમણ અને દીવ તથા અન્ય કેન્દ્ર શાસિત પ્રદેશોમાં માઈનસમાં ગ્રોથ દર્શાવાયો છે.

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com